Date :- 08-06-2025
Gujarat Samachar, Page-05, Surat



## ગુજરાત,મહારાષ્ટ્ર, દિલ્હીના ૩૫ ગુનાઓનો ભેદ ઉકેલાયો

# મેટ્રો રેલના કેબલ ચોરતી આંતરરાજ્ય ખેકડા ગેંગના ચાર સભ્યોની ધરપકડ

## મેટ્રો સ્ટેશન પાસે વૃક્ષ, દિવાસ ઉપર ચડી કેબલ ચોરી કરતા : ગેંગના અન્ય ૧૧ની શોધખોળ ચાલુ

ગાંધીનગર,શનિવાર

ગાંધીનગર તેમજ અમદાવાદમાં મેટ્રો રેલના કેબલની ચોરીની ઘટનાઓ વધી હતી ત્યારે ગાંધીનગર એલસીબી દ્વારા ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજ્યોમાં પણ મેટ્રોના કેબલ ચોરી જતી આંતરરાજ્ય ખેકડા ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે અને તેના ચાર સાગરીતોને ઝડપી લઈ ત્રણ રાજ્યોના ૩૫ જેટલાં ગુનાઓનો ભેદ ઉકેલી દેવામાં આવ્યો છે. ગેંગના અન્ય ૧૧ સાગરીતોને શોધખોળ શરૂ કરવામાં આવી છે.

છેલ્લા થોડા સમયમાં ગાંધીનગર અને અમદાવાદમાં મેટ્રો રેલના કેબલ ચોરીની ઘટનાઓ બની હતી. જેના અનુસંધાને એલસીબીની ટીમ સક્રિય થઈ હતી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે માહિતી મળી હતી કે,આ કેબલની ચોરી કરતી ટોળકી કલોલમાં મકાન ભાડે રાખીને તેમાં ચોરીનો મુદ્દામાલ રાખે છે. તાજેતરમાં કોબા પાસે થયેલી ૧૭ લાખ ઉપરાંતની કેબલ ચોરીનો મુદ્દામાલ પણ અહીં રાખવામાં આવ્યો છે અને ચોરી કરનાર ચાર જેટલા આરોપીઓ પણ હાજર છે. બાતમીના પગલે પોલીસ ટીમે દરોડો પાડીને ચાર જેટલા આરોપીઓને ઝડપી લીધા હતા. આરોપી પાસેથી બે કાર અને ચોરીમાં ગયેલા કેબલ જપ્ત કરી લેવામાં આવ્યા હતા. પૂછપરછમાં બહાર આવ્યું હતું કે, તે તેમના સાગરીતો સાથે અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો રેલ ઉપર કેબલ ચોરી જતા હતા. એટલું જ નહીં તેમની સાથે અન્ય ૧૧ જેટલા આરોપીઓ પણ સામેલ છે. ફક્ત ગુજરાત જ નહીં પરંતુ દિલ્હી અને મહારાષ્ટ્રમાં પણ અલગ અલગ શહેરોમાં મેટ્રોના કેબલ ચોરીના ગુનાઓને અંજામ આપતા હતા. અન્ય આરોપીઓની પણ શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

### પકડાયેલા આરોપીઓ

પકડાયેલા આરોપી ઉત્તર પ્રદેશના ખેકડાના રહેવાસી છે. જેમાં મુશરફ ઈરશાદ મુલેજાટ,રાશીદ ઈશાક ઈસ્માઈલ ધોબી,રાશીદ અબ્દુલઅઝીઝ શબ્બીર અંસારી અને ઈરશાદ મજીદ અલ્લામેહર મલીકનો સમાવેશ થાય છે.

### અલગ-અલગ રાજ્યોમાં ચોરી કરવા માટે રેકી કરી મકાન ભાડે રાખીને ગેંગ રહેતી હતી

આ ગેંગ અલગ અલગ રાજ્યોમાં જ્યાં મેટ્રો રેલ્વે ચાલુ છે તે શહેરમાં જઈ સ્ટેશન નજીકની હોટલોમાં રોકાણ કરતી અને મોટી કાર ભાડે રાખતા, કાર મળી ગયા બાદ નજીકમાં કોઈ બ્રોકરોનો સંપર્ક કરી મુદ્દામાલ છુપાવવા માટે મકાન ભાડે રાખતા પછી નક્કી કરેલા સ્થળ ઉપર જઈ ચોરીને અંજામ આપતા હતા. મેટ્રો રૂટ ઉપર રેકી કરતા હતા. જેમાં મેટ્રોના બ્રીજના પીલર નજીક કોઈ મોટુ વૃક્ષ હોય તો તેના સપોર્ટ દ્વારા દોરડાનો ઉપયોગ કરી ઉપર ચડી કેબલ મોટા કટર વડે કાપી ચોરીનુ કામ કરતા અથવા મેટ્રોના પીલ્લરની બાજુમાં કોઈ સપોર્ટ માટે દિવાલ આવેલી હોઈ તો તે જગ્યાનો પણ ઉપયોગ કરી મેટ્રો લાઈનના કેબલોને મોટા કટર વડે કાપી કેબલોને ભાડે રાખેલ મકાનમાં લઈ જઈ ઉપરથી પ્લાસ્ટીક અથવા રબરના પડને દુર કરી તેમાંથી કોપરના વાયરો અલગ કરી તેનુ પેકીંગ કરી ટ્રેન મારફતે અમદાવાદ કાલુપુર રેલ્વે સ્ટેશનથી દિલ્હી ખાતે મોકલી વેચાણ કરતા હતા.

### પોલીસ દેશના તમામ મેટ્રો સ્ટેશનનો સંપર્ક કરીને ચોરીની વિગતો મેળવશે

પોલીસે પકડેલી ખેકડા ગેંગ દ્વારા ગુજરાતમાં-૩, પુના મહારાષ્ટ્ર ખાતે -૧૨, પનવેલ નવી મુંબઈ મહારાષ્ટ્ર ખાતે -૬, તેમજ દિલ્હી ખાતે -૧૪ તથા ભોપાલ, ઈન્દોર વિગેરે ખાતે મળી કુલ ૩૫ મેટ્રો લાઈનના કેબલોની ચોરી કરેલાની કબુલાત કરી છે. આ ઉપરાંત ભારતભરના મેટ્રો સ્ટેશનોમાં કેબલ ચોરીના બનાવોમાં આ ગેંગની સક્રીય ભુમિકા જણાતી હોવાથી તમામ મેટ્રો સ્ટેશનોનો સંપર્ક કરી વધુ ગુનાઓમાં પણ આરોપીઓની સંડોવણી મળી આવવાની શક્યતા પોલીસ સેવી રહી છે.